ગાંધીનગર સમાચાર

ભયજનક આવાસોનો તાગ મેળવવા સર્વે હાથ ધરાશે



## મહિલા કોંગ્રેસ દ્વારા પ્રધાનમંત્રીને પોસ્ટકાર્ડ....

ગુજરાત મહિલા કોંગ્રેસ દ્વારા આજે આશ્ચર્યજનક કાર્યક્રમ આપી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભાઈ પંકજભાઈ મોદીના નિવાસ સ્થાને હિરાબાને મહિલાઓની આપવીતી રજુ કરવા માટે પહોંચી જતા પોલીસે ૭૦ થી વધુ મહિલાઓની અટકાયત કરી છે. મહિલા કોગ્રેંસ પ્રમુખ સોનલબેન પટેલ, જિલ્લા પ્રમુખ કિર્તીબેન પટલેના નેતૃત્વમાં આજે બપોરના સુમારે આ મહિલાઓ પંકજભાઈ મોદીના નિવાસ સ્થાન નજીક પહોંચી ગઈ હતી. મહિલા કોંગ્રેસની બહેનોએ મોટા પોસ્ટકાર્ડમાં લખ્યું હતું કે અમારા ભાઈ નરેન્દ્ર મોદી તમે ૧૧ વર્ષ પહેલા કહ્યું હતું કે તમને જયારે સંકટ પડે ત્યારે તમારા ભાઈને એક પોસ્ટકાર્ડ લખજો, તમારુ સંકટ દુર થઈ જશે. પરંતુ અમને હવે આ ભાઈ કંસ જેવો લાગે છે તેવા લખાણ સાથેના પોસ્ટકાર્ડ લઈને મહિલા મોરચાની બહેનો હિરાબાને મળવા પહોંચી હતી. પરંતુ રસ્તામાં તેઓની અટકાયત પોલીસ તંત્ર દ્વારા કરી દેવાઈ હતી. ગુજરાતની બહેનો અને દિકરીઓનું શોષણ થઈ રહ્યું છે. ત્યારે સહનશકિતની હદ આવી જાય છે. દુનિયાભરની ચિંતા કરતા ભાઈ હવે ગુજરાતની બહેનોની ચિંતા કરો સો સારુ. વધુ પરિક્ષા ના લેતા તમારો ભાઈ ધર્મ નિભાવો..ગુજરાત મહિલા કોંગ્રેસ દ્વારા આશ્ચર્યજનક કાર્યક્રમ આપતા ૭૦ થી બહેનોની અટકાયત કરી દેવાઈ હતી.

# મનપામાં બજેટ બહુમતિથી પસાર

**આવક વધી છે અને બચત વધી છે તો શહેરને વેરામુક્ત બનાવો : જીતુ રાયકા; શિક્ષણ ઉપકરની આવકમાંથી રકમ પરત મેળવવામાં તંત્ર ઉણુ ઉતર્યુ છે અને ખોટા સ્વપ્ર બતાવાયા છે : બિહોલા; વાઈ-ફાઈનું નેટવર્ક પુરૂ પકડાતુ નથી એ દુઃખ છે : સમિતિઓ છે નહિ પણ ચેમ્બરો માટે ૪ કરોડ અને ૧૫ હજારની ગ્રામ્ય વસતી માટે બે કરોડની જોગવાઈ : શિક્ષણ માટે તંત્ર ચિંતીત નથી તે વાત ખોટી છે : એડવાન્સ ટેક્સ ભરનાર કેશલેસ પેમેન્ટથી કરશે તો ૧૨ ટકા વળતર અપાશે : કાર્તિક પટેલ**





ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગપાલિકાનું વર્ષ ૨૦૧૭-૧૮નું અંદાજપત્ર સામાન્ય સભામાં બહુમતિથી ૧૬ વિરૂદ્ધ ૧૫ મતે પસાર કરવામાં આવ્યુ હતુ.

મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષપદે આજે મળેલી સામાન્ય સભામાં ૧ કલાક કરતાં પણ વધુ સમયની ચર્ચા દરમ્યાન કોંગ્રેસે રચનાત્મક સૂચનોનો મારો ચલાવી ગાંધીનગરને ટેક્ષ ફ્રી સીટી બનાવવા તેમજ વિપક્ષના નેતા માટે પણ વિવેકાધીન ગ્રાન્ટની જોગવાઈ કરવાની માંગ કરી દીધી હતી. જો કે ભાજપ ડિફેન્સીવમાં પણ આક્રમકતા બતાવવામાં નિષ્ફળ રહ્યો હતો અને સભ્યો જાણે મૌન પાળતા હોય તેમ કોંગ્રેસની વાતો મૂંગામોંઢે સાંભળી અને મૂક સહમતિ દર્શાવતા હોય તેવુ ચિત્ર ઉપસ્યુ હતુ.

સભાના પ્રારંભમાં સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે સ્થાયી સમિતિએ સુધારા સાથે રજુ કરેલા બજેટની નકલ મેયરને આપી હતી અને ગૃહને ટુંકુ સંબોધન કરી પ્રજાલક્ષી, વિકાસલક્ષી, કરભારણ વિનાનું અને પ્રધાનમંત્રીના સ્વપ્રનું સ્માર્ટસીટી બનાવવાની સંકલ્પના વ્યક્ત કરી હતી.

મેયર પ્રવિણ પટેલે પણ સભ્યોને બજેટના મુદ્દાઓ સિવાય કોઈ અન્ય ચર્ચાઓ નહિ કરવાની સ્પષ્ટ સૂચના સાથે બજેટની ચર્ચાને ખુલ્લી મુકી હતી.

વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ ચર્ચાનો આરંભ કરતાં સત્તાધારી પક્ષની અણઆવડતને છતી કરી હતી. તેમણે શિક્ષણ ઉપકરમાંથી મળવા પાત્ર ગ્રાન્ટ મેળવવા સરકારમાં છ વર્ષ પછી પણ દરખાસ્ત નહિ કરવાનો મુદ્દો છેડી કહ્યુ હતુ કે ધો. ૮ પ્રા. શાળામાં આવ્યુ છે તો શહેરની ૨૦૦ જેટલી બાળાઓને આ ગ્રાન્ટમાંથી સાયકલ આપી શકાઈ હોત.

જમીન છે નહિ પણ બજેટમાં એકવાર નહિ વારંવાર જોગવાઈઓ કરી પ્રજાને ભ્રમિત કરવાનું પાપ સત્તાધીશો કરી રહ્યા છે તે દયનીય છે. બિહોલાએ ગરીબો માટે આવાસ યોજના, મલ્ટી લેવલ પાર્કિંગ, ઓવરબ્રીજ, રેન બસેરા જેવા પ્રોજેક્ટોને ટાંક્યા હતા. તેમણે ગ્રામ્ય વિસ્તાર માટે વધુ ગ્રાન્ટ ફાળવવાની માંગ કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે બજેટમાં સૌનો સાથ સૌનો વિકાસની વાતનો છેદ ઉડાડવામાં આવ્યો છે અને માત્ર આંકડાઓની માયાજાળ બતાવી ખોટા સ્વપ્ર બતાવવામાં આવ્યા છે.

વિપક્ષી નેતાની રજુઆતમાં સ્પષ્ટતા કરતાં મેયર પ્રવિણ પટેલે કહ્યુ હતુ કે ગ્રાન્ટ મેળવવા સરકારમાં રજુઆત કરી છે. જમીન માટે પણ

● અનુસંધાન પાન-૭ પર

## મેયર મતદાનથી અળગા રહ્યા...

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની મેયર પ્રવિણ પટેલના અધ્યક્ષ પદે મળેલી સામાન્ય સભા એક કલાકને ૧૦ મિનિટ કરતાં પણ વધુ સમય સુધી શાંતિપૂર્વક ચાલી હતી. જે મનપાની આજ સુધીની મળેલી બેઠકોમાં સૌથી લાંબો સમય ચાલેલી બેઠક બની એક વિક્રમ બનાવ્યો છે.

**● મેયર પ્રવિણ પટેલ આજે પણ મતદાનથી અળગા રહ્યા**

મહાનગરપાલિકાની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૭-૧૮નું બજેટ ૧ મતની બહુમતિ સાથે ૧૬-૧૫થી પસાર કરવામાં આવ્યુ હતુ.

**બજેટ બેઠકની સાથે સાથે...**

આજે બજેટ અંગેનો પ્રસ્તાવ મત માટે મુકાયો ત્યારે મેયર પ્રવિણ પટેલ મતદાનથી અળગા રહ્યા હતા. મેયર પ્રવિણ પટેલ સામે હાલ પક્ષાંતર ધારા ભંગનો કેસ ચાલી રહ્યો છે અને ગુરૂવારે તેની સુનાવણી પણ છે ત્યારે મેયરનું આ પગલાને તેમની રાજકીય સૂઝ તરીકે સૌ લેખાવી રહ્યા છે.

**● ઘરનું ઘર આપવાની વાત વખતે જમીન કે સરકાર પણ ન હતી : કાર્તિક પટેલ**

મહાનગરપાલિકાની બજેટ પર ચર્ચા દરમ્યાન પૂર્વ ડે. મેયર અને ભાજપના કાઉન્સીલર કાર્તિક પટેલે કોંગ્રેસના આક્ષેપો પર પલટવાર કરતાં એવો ટોણો માર્યો હતો કે ઘરનુ ઘર આપવાની વાત લઈ નીકળેલી કોંગ્રેસ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના આંતરિક માર્ગોની સુધારણા માટે ૨૩ કરોડની દરખાસ્ત

**તંત્ર દ્વારા બજેટલક્ષી દરખાસ્ત તૈયાર કરી સુપ્રત કરાઇ : આંતરિક માર્ગોનુ કામ છેલ્લા પાંચ વર્ષથી હાથ ધરાયુ નથી : મોટાભાગના માર્ગો મગરની પીઠ સમાન**

ગાંધીનગર તા ૧૫

શહેરના આંતરિક માર્ગોની સુધારણા માટે તંત્ર દ્વારા બજેટલક્ષી દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવામાં આવી છે. જેમાં શહેરના સે-૩ થી ૧૯ ના આંતરિક રસ્તાઓને ચકાચક બનાવવા માટે રૂ ૨૩ કરોડના ખર્ચને મંજુરી આપવા માટે દરખાસ્તમાં સુચવાયુ છે. શહેરમાં આંતરિક માર્ગો હાલ સદંતર બિસ્માર હાલતમાં છે. ત્યારે માર્ગોનુ કામ ઝડપથી હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં છેલ્લા પાંચ વર્ષથી આંતરિક માર્ગોનુ કામ હાથ ધરાયુ નથી. ગત વરસાદી ઋતુના અંતે શહેરના આંતરિક માર્ગો સદંતર બિસ્માર બન્યા છે. વરસાદમાં માર્ગોનુ ધોવાણ થતા આંતરિક માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. સેકટરોના મોટાભાગના માર્ગો ઉબડ ખાબડ બનતા સ્થાનિક નાગરિકોને ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. નવા સેકટરોમાં પણ માર્ગોની દશા સુધારવા લાંબા સમયથી રહીશો માંગણી કરી રહયા છે. સે-૧ થી ૫ માં માર્ગોનુ અસ્તિત્વ ભુંસાઇ ગયુ હોય તેવી સ્થિતિ પણ કેટલાક વિસ્તારોમાં જોવા મળી રહી છે. જો કે સે-૧ અને ૨ માં માર્ગોની સુધારણા માટે કોર્પોરેશન દ્વારા ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેના લીધે આ કામ ટુંકમાં હાથ ધરાશે. જયારે સે-૩ થી ૫ અને સે-૬ થી ૧૯ માં રસ્તાના કામોની

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં ૫૫૦૦ કરોડના ખર્ચે ૧૪૧ રેલ્વે ઓવરબ્રિજ

**દિલ્હી-મુંબઈ ફ્રેઈટ કોરીડોર ૨૦૧૮માં પૂર્ણ : ૫૩ ઓવરબ્રિજ પૈકી ૨૬ આરઓબી ગુજરાત સરકાર દ્વારા તથા ૨૭ આરઓબી રેલવે વિભાગ દ્વારા બનાવાશે**

અમદાવાદ, તા.૧૫

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, ગુજરાત આજે માળખાગત સવલતોના નિર્માણ થકી દેશનું ગ્રોથ એન્જીન પુરવાર થઈ રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ દિલ્હી-મુંબઈ ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર (ડીએમઆઈસી) પ્રોજેક્ટનો ૫૫૮ કિલોમીટરનો હિસ્સો જે ગુજરાતમાંથી પસાર થઈ રહ્યો છે તેના કામો આગામી ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરાશે. જેનાથી રાજ્યમાં ઉદ્યોગોનો વ્યાપસ વધશે અને રોજગારીની વ્યાપક તકોનું નિર્માણ થશે. દિલ્હી-મુંબઈ ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોગર (ડીએમઆઈસી) પ્રોજેક્ટ અંગે આજે વધુ વિગતો આપતા નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના વિકાસ માટે મહત્વના આ પ્રોજેક્ટમાં રૂપિયા ૫૫૦૦ કરોડના ખર્ચે ૧૪૧ રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કરાશે. જેમાં કુલ પ્રોજેક્ટ ખર્ચમાં ૫૦ ટકા હિસ્સો રાજ્ય સરકારનો તથા ૫૦ ટકા હિસ્સો રેલવે મંત્રાલયનો રહેશે. આ પ્રોજેક્ટ માટે ગુજરાત સરકાર રૂપિયા ૧૨૫૦ કરોડ અને રેલવે મંત્રાલય રૂપિયા ૧૨૫૦ કરોડ ફાળવશે. કેન્દ્ર સરકારના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ કુલ લંબાઈ ૧૫૦૮ કિલોમીટર છે જેપૈકી ગુજરાતમાંથી ૫૫૮ કિલોમીટરનો રેલવે માર્ગ પસાર થાય છે. રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતો આ રેલ માર્ગ રાજયના ૧૨ જિલ્લાઓમાંથી પસાર થશે જેમાં બનાસકાંઠાથી શરૂ થઈ મહેસાણા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરુચ, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં થઈને મહારાષ્ટ્રમાં પ્રવેશશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, રેલવે લાઈન ઉપર આવતા તમામ લેવલ ક્રોસિંગ ઉપર રેલવે ઓવરબ્રીજ તથા રેલવે અંડરબ્રીજ બનાવાશે. જેમાં કુલ ૫૩ ઓવરબ્રિજનું નિર્માણ થશે તે પૈકી ૨૬ આરઓબી ગુજરાત સરકાર દ્વારા અને ૨૭ આરઓબી રેલવે મંત્રાલય દ્વારા નિર્માણ કરાશે. આ ૫૩ આરઓબી પૈકી ૧૨ આરઓબીના કામો પ્રગતિ હેઠળ છે જયારે અન્ય ૪૧ કામોના અંદાજપત્રો ટેન્ડર પ્રક્રિયા હેઠળ પ્રગતિમાં છે. આ ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ પણ ખેડૂતો અને લોકોને ટ્રાફિક સમસ્યાનો ભોગ ન બનવું પડે તે માટે પણ ૮૮ જેટલા ક્રોસિંગ ઉપર રૂપિયા ૫૦૦ કરોડના ખર્ચે અંડરબ્રિજ બનાવવાની કામગીરી પણ રેલવે વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે.



સર્કલ રિનોવેશન - શહેરના રાજમાર્ગ સમા ઘ-માર્ગ પર આવેલ ઘ-૨ સર્કલનું રિનોવેશન ચાલી રહ્યું છે.... રાજસ્થાનના પિંક સ્ટોનથી સર્કલ સજાવાઈ રહ્યું છે... ગાંધીનગરના આકર્ષણમાં વધુ એક પિંછુ ઉમેરાશે....

# સેકટરોમાં ટ્રીમીંગની કામગીરીના નામે મીંડુ

**વાઇબ્રન્ટ સમયે મુખ્ય માર્ગો પર ટ્રીમીંગ કરી ઝુંબેશ આટોપી લેવાઇ : સેકટરોમાં એલ ઇ ડી લાઇટના અજવાળામાં પણ અવરોધ**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી મામલે વનતંત્ર દ્વારા હજુ પણ દુર્લક્ષ્ય સેવાઈ રહયુ છે. વાઈબ્રન્ટ સમિટ વેળાએ મોટાભાગના મુખ્યમાર્ગો પર વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ હતુ. પરંતુ સેકટરોમાં તેમજ અન્ય માર્ગો આસપાસ વૃક્ષોની લટકતી ડાળીઓ હજુ પણ અવરોધરૂપ હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સેકટરોની શેરીઓમાં પર્યાપ્ત અજવાળુ પથરાય તે માટે એલ ઈ ડી લાઈટનુ ફીટીંગ કરવામાં આવ્યુ છે. પરંતુ વૃક્ષોની ડાળીઓ અવરોધરૂપ બનતા સેકટરોમાં પુરતુ અજવાળુ પણ પથરાતુ નથી.

વનતંત્ર દ્વારા હાલ આગામી ચોમાસાને ધ્યાને લઈ રોપાઓની વાવણી માટે આગોતરુ આયોજન કરવામાં આવી રહયુ છે. હાલ સેકટરોમાં ઉપલબ્ધ ખાલી જગ્યાએ રોપાઓની વાવણી કરવા માટે ખાડા ખોદવાનુ કામ ચાલી રહયુ છે. જયારે વન આરક્ષિત જગ્યાને પણ વધુ સુરક્ષિત બનાવવા માટે નવી ગ્રીલ લગાવવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે. પરંતુ વૃક્ષોનુ અસ્તિત્વ મજબુત બનાવતી ટ્રીમીંગની કામગીરી પ્રત્યે તંત્રની ઝુંબેશ માત્ર મુખ્ય માર્ગો પુરતી જ સિમિત રહી છે. અગાઉ વાઈબ્રન્ટ સમિટ વેળાએ નગરના મુખ્ય માર્ગો આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ કરી કામગીરી આટોપી લેવામાં આવી હતી. પરંતુ હરિયાળી વનરાજીથી ઘેરાયેલા નગરમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોનુ ટ્રીમીંગ કરવામાં આવ્યુ નથી. જેના

● અનુસંધાન પાન-૭ પર


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE™ DR. FIXIT® TATA STEEL • PIPES • SHEETS VINAYAK 500® TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com